# ચૂંટણી પ્રચાર અભિયાન ડાયરી – તા. 21/04/2014

અરૂણ જેટલી

(વિપક્ષના નેતા, રાજ્ય સભા)

**જગદીશ ટાઈટલરનો કેપ્ટન દ્વારા બચાવ - ધ ડેવિલ્સ એડવોકેટ**

1984નું વર્ષ હંમેશા ખરાબ યાદગીરીના વર્ષ તરીકે અવિસ્મરણીય બની ગયું છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યા બાદ નિર્દોષ શીખોનો હત્યાકાંડ ભારતીય લોકશાહી પર કલંક છે. જેમાં હજારો નિર્દોષ માર્યા ગયા તે હકીકત ભયંકર છે. સૌથી ખરાબ બાબત એ છે કે તેમાં દોષિતોને સજા મળી નથી.

તે રમખાણોમાં સરકારીતંત્રનું મેળાપીપણું દૃશ્યમાન હતું. તોફાનીઓ પર પોલીસ દ્વારા પર ગોળીઓ છોડવામાં આવી ન હતી. તેઓને લૂંટફાટ અને મારપીટ માટે છુટ્ટો દોર આપવામાં આવ્યો હતો. તે વર્ષે અનેક એફઆઈઆર નોંધવામાં આવી હતી, પણ કોઈની ધરપકડ કરવામાં આવી ન હતી. આ હિંસાચાર રાજકીય હેતુ પ્રેરિત હતો.

વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધી અને તેમની કોંગ્રેસ સરકાર દ્વારા નિયુક્ત ન્યાયમૂર્તિ રંગનાથ મિશ્રા પંચે રાજ્ય પ્રાયોજિત હિંસાચારનો ઢાંકપિછોડો કર્યો. જેના બદલામાં તેમની નિવૃત્તિ બાદ કોંગ્રેસ પક્ષ દ્વારા તેમનું રાજ્યસભામાં તેમનું નામાંકન થયું હતું. માત્ર એનડીએ સરકારે સત્ય બહાર લાવવા ન્યાયમૂર્તિ નાણાવટી પંચની નિમણૂક કરી હતી. ત્યારથી તપાસ એજન્સીઓએ રમખાણોમાં સામેલ ઘણા આરોપીઓ સામે ફરિયાદ નોંધવા પ્રયાસ કર્યો છે.

સત્ય શોધવા માટેની તે ન્યાયિક પ્રક્રિયા હતી. કેપ્ટન અમરીન્દર સિંહ શા માટે "શેતાનના વકીલ" બન્યા અને જગદીશ ટાઈટલરને ક્લિન ચીટ આપવાનું નક્કી કર્યું? શું તેઓ એવા વ્યક્તિને બચાવવા માગતા

હતા કે જે તોફાનો સામેલ હોવાનું માનવામાં આવે છે? શું કેપ્ટનને મન ભોગ બનેલાઓ કરતા પોતાના વ્યક્તિગત અને રાજકીય સંબંધો વધુ મહત્ત્વના છે?

**વધુ એક બેફામ નિવેદન**

કેપ્ટને ભોપાલ ગેસ પીડિતો સામેના કેસમાં "ડાઉ જોન્સ" વતી દલીલો કરવાનો મારા પર આક્ષેપ કર્યો છે. ડાઉ જોન્સને યુનિયન કાર્બાઇડ અથવા ભોપાલ ગેસ દુર્ઘટના સાથે કંઈ લાગતુંવળગતું નથી. તે એક અગ્રણી અમેરિકન નાણાકીય કંપની છે. ડાઉ જોન્સ આકસ્મિક રીતે વોલ સ્ટ્રીટ જર્નલની માલિકી ધરાવે છે. ભોપાલ ગેસ પીડિતો સામે કેસ લડનાર વકીલનું નામ નામ અભિષેક મનુ સિંઘવી છે કે જે કેપ્ટન અમરીન્દર સિંહના રાજકીય પક્ષના મુખ્ય પ્રવક્તા છે. મેં મારા વ્યાવસાયિક સાથી તરીકે તેમને હજારો અસરગ્રસ્તો માટે કેસ લડવાની સલાહ આપી હતી. તે કરૂણાંતિકાનો ભોગ બનેલાઓને વળતર અપાવવાની મારી સલાહ હતી નહિ કે કોઈ મેળવવા. મેં તેમને વકીલ તરીકે મારી વ્યાવસાયિક નૈતિકતા મુજબ યોગ્ય કાનૂની સલાહ આપી. એટલું જ મેં કર્યું હતું.

**ભારતના સંવેદનશીલ વિસ્તારોની સુરક્ષા**

ચૂંટણી ઝુંબેશ પ્રક્રિયા માટે દેશના દરેક ભાગમાં રહેતા સેંકડો ભૂતપૂર્વ સૈનિકોની મદદ લેવામાં આવે છે. તેઓ કટોકટીભરી પરિસ્થિતિમાં ભારતમાં સેવા આપે છે. તેઓ દેશભક્તિના ધોરણે આ સેવા આપે છે અને તેનો હેતુ નાગરિકોનું રક્ષણ કરવાનો હોય છે. તે બધા ભૂતપૂર્વ સૈનિકો લાંબા સમયથી "એક રેંક એક પેન્શન"ની માગણી કરી રહ્યા છે.

ભાજપ તેના ચૂંટણી ઢંઢેરાના એક ભાગ તરીકે "એક રેંક એક પેન્શન"ના મુદ્દાનો સમાવેશ કરેલો જ છે. અમે તેના અમલ માટે પ્રતિબદ્ધ છીએ. કોંગ્રેસ વારંવાર આ મુદ્દા પર ભૂતપૂર્વ સૈનિકોને ઠાલા વચનો જ આપતી આવી છે. થોડાં વર્ષો અગાઉ, નાણા પ્રધાને સ્વીકાર્યું હતું કે, તેમણે બજેટ ભાષણ દરમિયાન આ બાબતની જાહેરાત કરી હતી. ત્યાર બાદ, આપણે જોયું છે કે તેનો અમલ થયો નથી. તમામ ભૂતપૂર્વ સૈનિકો માટે આદર દર્શાવવાનો હેતું તે જાહેરાત પાછળ હતો. આ વર્ષે ફરીથી બજેટ ભાષણમાં, નાણાં

પ્રધાને આ માંગનો સ્વીકાર કરવાની જાહેરાત કરી હતી. જો કે, ફરીથી ભૂતપૂર્વ સૈનિકોને અપાયેલા વચનનું પાલન કરવામાં આવ્યું નથી. આ બાબત ચિંતાનો વિષય છે અને ભારતની સંરક્ષણક્ષેત્રે સુસજ્જતાનો અભાવ તેમાં જણાય છે. આપણા સંરક્ષણ દળોએ આટલા વર્ષોમાં ઘણું સહન કર્યું છે. સંરક્ષણ ખરીદી માટેના નિર્ણયો લેવા માટે આ સંરક્ષણ પ્રધાન મંત્રી શ્રી એ.કે.એન્ટનીની નિષ્ફળતા આ માટે મુખ્યત્વે જવાબદાર છે. આજે ભારતના સંરક્ષણ ક્ષેત્રમની વાસ્તવિકતામાં અનેક ફેરફારો થયા છે. પાકિસ્તાન - ચીને લશ્કરી સહયોગ માટે હાથ મિલાવ્યા છે. ભારતના સંરક્ષણ સાધનોમાં આધુનિકીકરણનો અભાવ છે. અપ્રચલિત ટેકનોલોજી અત્યાધુનિક ટેકનોલોજીથી બદલી શકાય છે. 15000 કિ.મી.ની આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો કોઈ દેશ અપ્રચલિત ટેકનોલોજી પર આધાર રાખી શકે તેમ નથી ભારતીય સબમરીન બાબતની તાજેતરની કરૂણાંતિકા આ બાબતનું ઉદાહરણ છે. ચીન તેની સરહદના માળખાંને મજબૂત બનાવે છે, જ્યારે આપણે તે બાબતની ઉપેક્ષા કરી રહ્યા છીએ.

ભાજપ સંરક્ષણ સુજ્જતાની બાબતમાં "રાષ્ટ્ર પ્રથમ" સિદ્ધાંતને વળગી રહેવા પ્રતિબદ્ધ છે.

✵✵✵✵✵